29 YEARS

## ચિલ્લર ચેન્જ

માણસની જેમ વર્ષનું ઋતુચક્ર ધરમૂળથી બદલાયું છે. હવે ભરઉનાળે ધોધમાર વરસાદ વરસતો થયો છે. અરે, ઉનાળે હિમવર્ષા થતી જોવા મળે છે. નજીકના ભવિષ્યમાં શિયાળો, ઉનાળો અને ચોમાસું ગુમ ન થઈ જાય તો સારું



ડૉ. અસિત શાહ

### મેકઓવરમાં પહેલું કેન્દ્ર

અમદાવાદનું અરમેડા ભારતનું એક માત્ર સેન્ટર છે જ્યાં વાળથી પગની પાની સુધી તમામ પ્રકારની ટ્રીટમેન્ટ થાય છે. પ્રી વેડિંગ ટ્રીટમેન્ટ, પોસ્ટ પ્રેગ્નેસી ટ્રીટમેન્ટ તથા બોડી શેઇપ પર કામ થાય છે. કોસ્મેટીક સર્જરી સાથે કંમ્પલીટ મેકઓવર કરનાર ભારતનું પહેલુ સેન્ટર છે.

બાળકનું ઓપરેશન અમે કર્યું હતું.

'થ્રી-ડી લેપ્રોસ્કોપી ઓપરેશન સિસ્ટમ અમદાવાદમાં પહેલી વાર આવી. કોઈ પણ દેશમાંથી આવેલ દર્દી તેમના દેશમાં રહેતા પરિવારજનોને સર્જરી બતાવવા માંગે તો તેની સુવિધા પણ ઉપલબ્ધ છે. લાઇવ સર્જરી દ્વારા દેશવિદેશના વિદ્યાર્થીઓને શિક્ષણ પણ આપીએ છીએ.'

**ફર્સ્ટ કોસ્મેટિક્સ સેન્ટર અમદાવાદમાં**

લોકોને કુદરતે બનાવેલા શરીરમાં ક્યાંક કોઈ પ્રકારની ઊણપ દેખાય તો તે માટે ભારતનું ફર્સ્ટ કોસ્મેટિક સર્જરી સેન્ટર એન્ડ મેડી સ્પા અમદાવાદમાં બન્યું છે. અરમેડા કોસ્મેટિક સેન્ટરમાં બ્રેસ્ટ એનલાર્જમેન્ટ બાય ઇમ્પ્લાન્ટ, બ્રેસ્ટ રીડક્શન, હેર ટ્રાન્સપ્લાન્ટ, નાક અને હોઠના શેઇપની સર્જરી, ડેન્ટલ ટ્રીટમેન્ટ, ડેન્ટલ ઇમ્પ્લાન્ટ તથા નોન સર્જિકલ ટ્રીટમેન્ટ થાય છે. વ્યક્તિ પોતાનું સંપૂર્ણ મેકઓવર કરાવી શકે છે. અરમેડા કોસ્મેટિક સર્જરી સેન્ટરના ડૉ. અસિત શાહ જણાવે છે કે, 'પ્લાસ્ટિક સર્જરી માટે ફોરેન જવું પડતું હતું. આજે ફોરેનના સ્ત્રી-પુરુષો મેકઓવર કરાવવા અમદાવાદ આવે છે.'

**જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી ડેવલપ કરી**

છેલ્લાં ચાર વર્ષમાં ની રીપ્લેસમેન્ટને ભારતમાં પ્રચલિત કરનાર ડૉ. ભરત મોદી જણાવે છે કે, 'થાપા ને ઘૂંટણમાં કૃત્રિમ સાંધા બેસાડવાની ડિગ્રી ઇંગ્લેન્ડથી લઈને જ્યારે ભારત આવ્યો તો લોકો જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી વિશે અજાણ હતા. તે માટે ગુજરાતનાં શહેર અને ગામડાંમાં લેક્ચર આપતો. બાજપેયીએ ની રીપ્લેસમેન્ટ સર્જરી કરાવી ત્યારથી અવેરનેસ વધી. ઓસ્ટ્રેલિયાના સી.જી. ટાપુના વડાપ્રધાન મારી પાસે ની રીપ્લેસમેન્ટ સર્જરી કરાવી ગયા હતા.

'અમેરિકામાં વર્ષમાં ૧૫૦ ઓપરેશન થાય છે. આપણે ત્યાંના બેસ્ટ સર્જન વર્ષનાં ૧૦૦૦થી વધારે ઓપરેશન કરે છે. જેથી અનુભવમાં આપણે ઘણા આગળ છીએ. ભારતથી લોકો અમેરિકા ભણવા જતા, હવે ત્યાંની યુનિવર્સિટીમાં ભણાવવા જાય છે. વડોદરામાં ૧૦૦ કરોડના ખર્ચે બની રહેલી વેલકેર હોસ્પિટલ સિગ્નેટરી પ્રોજેક્ટ છે.'

**સપોર્ટ ગ્રુપ કરે છે પેશન્ટને હેલ્પ...**

એશિયન બેરિયાટ્રિક્સમાં સપોર્ટ ગ્રુપ પ્રોગ્રામ ચાલે છે. જેમાં દર મહિને નવા-જૂના પેશન્ટ મળી એકબીજાને સપોર્ટ કરે છે. મોટિવેશન લેક્ચર, ઓબેસિટી અવેરનેસ લેક્ચર, ડાયેટ મેઇન્ટેન ચાર્ટ વિશે ચર્ચા, ડાયેટ ફૂડ રેસિપી જેવા પ્રોગ્રામ પણ રાખવામાં આવે છે. ■



ડૉ. કેયૂર પરીખ

### પેશન્ટની સાથે તેના પરિવારની પણ કેર...

- એક ટીમ પેશન્ટની 'મેગા', 'કેમ છો' અને 'આઈસીયુ' ત્રણ મુલાકાત કરે છે પરિવારના સભ્ય સાથે વાત કરે છે.
- દર્દીને રજા મળ્યા પછી ૨૪ કલાકમાં ફોન કરી ખબરઅંતર પૂછે છે. તકલીફ માટે જે-તે ડોક્ટર સાથે વાત કરાવે છે. ૩૬ કલાકમાં પેશન્ટના ઘરે જાય છે.
- દર્દીને કે સગાને રાત્રે ઊંઘ ના આવે તો નર્સ સાથે કાર્ડ, કમ્પ્યૂટર ગેમ રમે છે.
- હોસ્પિટલમાં મૂવી, લાઇબ્રેરી, યોગા જેવી વિવિધ સગવડ પણ ઉપલબ્ધ છે.
- ફરિયાદ માટે હાઈ ઓથોરિટીના નંબર દરેક ફ્લોર પર નામ સાથે મૂક્યા છે.
- મધ્યમ વર્ગના પેશન્ટને બિલમાં પછી ૧૦ ટકા રકમ ખૂટે તો મદદ કરાય છે.



ડૉ. ભરત મોદી

### કિટ રિ-ડિઝાઇન કરી

ની રીપ્લેસમેન્ટ માટે સાંધામાં મૂકવામાં આવતી કિટનો ભાવ ૩૦ હજાર ડોલર છે. ડૉ. ભરત મોદીએ આ કિટ રિ-ડિઝાઇન કરી સસ્તી બનાવી. જોન્સન એન્ડ જોન્સન કંપની દ્વારા લોન્ચ કરાશે. કિંમત ૫૯૦૦ ડોલર જેટલી હશે.



Welcare Hospital
we care